# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-06-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સરકારને 11 વર્ષ પુર્ણ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકારને કરુણાથી ભરેલી અને ગરીબોના કલ્યાણ માટે સમર્પિત ગણાવી છે. NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર, શ્રી મોદીએ કેન્દ્ર સરકાર દ્વારા સશક્તિકરણ, મજબૂત માળખાગત સુવિધાઓ અને લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા માટે લેવામાં આવેલા પગલાંઓ પર પ્રકાશ પાડ્યો.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ લખ્યું કે પીએમ આવાસ યોજના, પીએમ ઉજ્જવલા યોજના, જન ધન યોજના અને આયુષ્માન ભારત જેવી પહેલોએ આવાસ, સ્વચ્છ રસોઈ ઇંધણ, બેંકિંગ અને આરોગ્યસંભાળની પહોંચ વધારી છે. તેમણે કહ્યું કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ડિજિટલ સમાવેશ અને મજબૂત ગ્રામીણ માળખાગત સુવિધાઓએ પારદર્શિતા સાથે છેવાડાના લોકો સુધી લાભ પહોંચાડ્યા છે. શ્રી મોદીએ 25 કરોડથી વધુ લોકોને ગરીબી દૂર કરવામાં મદદ કરવામાં આ પહેલોની ભૂમિકા પર ભાર મૂક્યો.

---

## પ્રધાનમંત્રી સિંદુર છોડ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને કચ્છની વિરાંગનાઓએ આપેલો સંદૂરનો છોડ રોપ્યો હતો. સાંભળીએ એક વિશેષ અહેવાલ..

*(વોઈસકાસ્ટ)*

૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં હિંમત અને બહાદુરીનું અદ્ભુત ઉદાહરણ રજૂ કરનાર કચ્છના માધાપરની વીરાંગનાઓએ તાજેતરમાં ભૂજની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સિંદૂરનો છોડ ભેટમાં આપ્યો હતો. આજે વિશ્વ પર્યાવરણ દિવસ પર પ્રધાનમંત્રી શ્રી મોદીએ નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી આવાસ ખાતે  તે છોડ રોપ્યો હતો. સોશિયલ મીડિયા દ્વારા તસવીરો શેયર કરતાં પ્રધાનમંત્રીએ લખ્યું છે કે, "આ છોડ આપણા દેશની નારીશક્તિના શૌર્ય અને પ્રેરણાનું મજબૂત પ્રતીક બની રહેશે.

દરમ્યાન, સમગ્ર કચ્છ સાથે માધાપરની આ વીરાંગનાઓમાં પણ આ નિમિત્તે આજે ખુશી છવાઈ ગઈ છે. શ્રી મોદીને સિંદૂરનો છોડ ભેટ આપનાર વીરાંગનાઓ પૈકીના એક એવા એક લાલબાઈ ભૂડિયાએ આકાશવાણીને જણાવ્યું કે, આ છોડ સ્વીકારતી વખતે, પ્રધાનમંત્રીએ વચન આપ્યું હતું કે હું પ્રધાનમંત્રી આવાસમાં આ છોડ રોપીને તમને બધાને દરરોજ યાદ કરીશ.

બાઈટ - લાલબાઈ ભૂડિયા, માધાપર, કચ્છ

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન, સરહદી કચ્છના ભુજમાં આવેલો વાયુસેનાનો રનવે તૂટી ગયો હતો. જેને આ વીરાંગનાઓએ પોતાની અજોડ હિંમતથી દિવસ-રાત મહેનત કરીને માત્ર 72 કલાકમાં કાર્યાન્વિત કર્યો હતો અને અહીંથી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો.

અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ

---

## સાંસદ કચ્છ કાનિર્વલ-2025:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઉજવણી નિમિત્તે ભુજના હમિરસર કાંઠે સાંસદ કચ્છ કાર્નિવલ 2025નું આયોજન કરાયું છે. 27 જૂનના યોજાનારા કાર્યક્રમ અંગે વિગતો આપતા સાંસદ વિનોદ ચાવડાએ આ મુજબ જણાવ્યુ હતું.

(બાઇટ : વિનોદ ચાવડા)

---

# અંજાર અકસ્માત:

અંજારના સતાપર પાસે સર્જાયેલા ટ્રીપલ અકસ્માતમાં ટપ્પર ગામના માતા પુત્રના મૃત્યુ નીપજ્યાં છે. જ્યારે એક બાળકી સહિત પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. આજે સવારે 11 વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં બે બાઈક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. ઘાયલો હોસ્પિટલમાં સારવાર તળે છે. પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

-----------------------------------------------------------------------------------------------